# પોલીસ હપ્તારાજથી દબાઈ : અરવલ્લી જિલ્લામાં બુટલેગરના સંતાનોની ખુલ્લેઆમ મહેફીલ પાર્ટીના ફોટા વાયરલ

### પોલીસ વડા પગલાં ભરશે ખરા, તપાસ કરાવી તમામ સ્ટાફની બદલી કરો..!!

અરવલ્લી જિલ્લામાં દારૂની બદીએ માઝા મુકી છે. હપ્તાખોર પોલિસની જિલ્લાના કેટલાંક વિસ્તારોમાં કોઈ ધાક ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લામાં બુટલેગરના સંતાનોએ મિત્રો સાથે બેસી ખુલ્લેઆમ મહેફીલ પાર્ટી યોજી તેના ફોટા વાયરલ કરતાં પોલિસની આબરૂના ધજાગરા ઉડ્યા છે. જિલ્લા પોલિસવડા વાયરલ થયેલા ફોટાના આધારે પગલાં ભરશે ખરા..?? તપાસ કરાવી બુટલેગરો તેમજ તેના સંતાનોને છાવરતી કટકીબાજ પોલિસ સ્ટેશનના તમામ સ્ટાફની બદલી કરવાની હિમ્મત દાખવશે.

રાજ્ય પોલીસ વડાએ તમામ પોલીસ અધિકારીઓને દારૂની બદી ઉપર અંકુશ મેળવવા આદેશ કર્યા છે. આ આદેશ થયા એ સાથે જ જિલ્લાના નામચીન બુટલેગરના સંતાનોએ પોલીસને પડકાર ફેંક્યો હોય તેમ પોતાના ઘરમાં ખુલ્લેઆમ મહેફીલ પાર્ટી યોજવાની સાથે કેટલાક સગીરોને પણ મહેફીલમાં સામેલ કરી તેમના સારા ભવિષ્યને ડામાડોળ કરવાનો પ્રયાસ કર્યો. જિલ્લામાં દારૂની બદી ઉપર અંકુશ હોવાના દાવા કરતા પોલીસ અધિકારીઓ માટે આનાથી બીજી શરમજનક બાબત કોઈ હોઈ જ ન શકે. લોક ચર્ચા એવી છે કે બુટલેગરથી ખુદ ખાખી વર્દી એટલી હદે ડરે છે કે પોલીસ સ્ટેશનમાં તે કોઈ ખોટો કેસ નોંધાવવા માગતો હોય તો પણ ગણતરીની મીનીટોમાં નોંધાઈ જાય અને આરોપીઓને પોલીસ લૉકઅપમાં મૂકી દે છે..!! જિલ્લા પોલીસ વડાની નિષ્ઠા ઉપર પ્રજાને કોઈ શંકા નથી પરંતુ કેટલાક પોલીસ સ્ટેશનની હદમાં સવાર-સાંજ ખુલ્લેઆમ વિદેશી દારૂની બોટલો અને દેશી દારૂની પોટલીઓ વેચાઈ રહી છે. તે જોઈને જાગ્રત પ્રજાને એમ થાય છે કે શું પોલીસ વડા સુધી આ માહિતી પહોંચતી નહીં હોય. દારૂની બદી અટકાવવા માટે કાર્યરત લોકલ ક્રાઈમ બ્રાન્ચ પણ કેમ ઉંઘતી ઝડપાઈ રહી છે.



### દારૂબંધી છે તો પછી વિદેશી દારૂ બાયડમાં આવ્યો ક્યાંથી..??

જિલ્લાની પોલીસ દારૂબંધી હોવાના ઠોસ દાવા કરી રહી છે. તમામ પરપ્રાંતના રાજ્યો સાથેની બોર્ડર ઉપર સઘન ચેકીંગની વાતો વચ્ચે છેવાડાના બાયડમાં વિદેશી દારૂ દરરોજ કેવી રીતે ઠલવાઈ રહ્યો છે..?? રેન્જ આઈ.જી. દ્વારા ઉચ્ચ કક્ષાએથી તપાસના આદેશ આપવા જોઈએ અને બુટલેગરો તેમજ સપ્લાયરો સાથે સાંઠગાંઠવાળા કર્મીઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે.

# મહિલાઓ સાવધાન : હિંમતનગરમાં તોફાની ગાયે ૪ મહિલાઓને ઘાયલ કરી

### બેરણા રોડ વિસ્તારમાં ગાયના આતંકથી ભય, મહિલાઓ બજારમાં જતાં ડરી રહી છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં રખડતા ઢોરનો આતંક પ્રજાને પરેશાન કરી મૂક્યા છે. પરંતુ હિંમતનગર પાલિકા વિસ્તારમાં નવી ઉપાધી સામે આવી છે. માત્ર મહિલાઓ ઉપર જ હુમલો કરતી ગાયના કારણે ખાસ કરીને બેરણા રોડ વિસ્તારમાં આવેલા ગાયત્રી ધામ અને કર્ણાવતી સોસાયટીમાં ભયનો માહોલ ઉભો થયો છે. તોફાની ગાયે અત્યાર સુધીમાં ૪ મહિલાઓને ઘાયલ કરતાં સારવાર લેવાની ફરજ પડી છે. પાલિકા સત્તાધિશો હુમલાખોર ગાયને પકડી પાંજરાપોળ નહીં મોકલે તો હજુ પણ અનેક મહિલાઓ ઘાયલ થવાની દહેશત સેવાય છે.



શહેરી વિસ્તારોમાં રખડતી ગાયોની સમસ્યા માથાના દુઃખાવારૂપ બની છે. સોસાયટી વિસ્તારોમાં ગાયનાં ટોળાં હળીયા પટ્ટી કાઢતાં હોવાથી અનેક વાહન ચાલકો ગાયની હડફેટે પટકાયાના બનાવ છે. ત્યારે હિંમતનગરના બેરણા રોડ ઉપર રખડતી ગાયોમાં એક કાળા રંગની ગાયની અજબ કહાની સામે આવી છે. શહેરની ગાયત્રી ધામ અને કર્ણાવતી સોસાયટીમાં આમ તો અસંખ્ય ગાયો દિવસ-રાત છૂટી ફરતી જોવા મળતી હોય છે પરંતુ હમણાંથી કાળા રંગની ગાયને કોઈપણ કારણોસર મહિલાઓ સાથે વાંકુ પડ્યું છે. મહિલાને જોતાં જ ગાય એકદમ ભૂરાંટી થઈ પાછળ દોટ લગાવે છે જેથી બંન્ને સોસાયટી વિસ્તારોમાં ગાયથી આતંકનું વાતાવરણ ઉભું થયું છે. ભૂરાંટી બનેલી ગાય મહિલાઓની પાછળ દોડી ભેટાં મારવા લાગી છે જેના કારણે ૪ થી પણ વધુ મહિલાઓને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં ગાય દેખાય કે તરત દૂરથી મહિલાઓ સલામત સ્થળે દોડી જતી હોય છે. ગાયનો આતંક એટલી હદે ફેલાયો છે કે બહાર ગામથી કોઈ મહિલા સગા-વ્હાલાને ત્યાં મુલાકાતે આવે ત્યારે સ્થાનિક રહીશોએ ગાયથી સાવધાન રહેવા માટે અચૂક સલાહ આપવી પડતી હોય છે. છેલ્લા કેટલાય દિવસથી ગાયે મહિલાઓમાં ફફડાટ ફેલાવ્યો છે ત્યારે પાલિકાના જવાબદાર તંત્ર દ્વારા ગાયને પાંજરે પૂરવામાં હજુય વિલંબ થયો તો કોઈ મહિલાના મોતની આશંકા સ્થાનિકોએ વ્યક્ત કરી છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં તંત્રને કોરોનાની ત્રીજી લહેરની ફીકર, પ્રજા બેફીકર

### કેસ ઘટતાં કોરોના જાણે ગયો ભાડમાં..!! પ્રજાની બેદરકારી ભારે પડી શકે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જુન માસના આરંભથી કોરોનાના સંક્રમણમાં તબક્કાવાર રીતે ઘટાડો થતાં આરોગ્ય વિભાગને થોડી હાશ થઈ છે. કોરોનાની ત્રીજી લહેરની દહેશત ઉભી થતાં બંન્ને જિલ્લાનું વહીવટી તંત્ર તેની ફીકરમાં છે પરંતુ પ્રજા હમણાંથી બેફીકર બની હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જિલ્લામાં કોરોનાના કેસ ઘટતાં જાણે કે જોખમ ભાડમાં ગયું હોય તેમ સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્ક ભૂલાયું છે. પ્રજાની સામાન્ય લાગતી ભૂલ આગામી સમયમાં ભારે પડી શકે તેવી દહેશત છે. બજારોમાં અનલૉક પછી ગ્રાહકોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે પરંતુ કોવિડ-૧૯ ના નિયમો હોંશિયામાં ધકેલાયા છે.

કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક સાબિત થઈ હતી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કોરોના પોઝિટિવ કેસનો રાફડો ફાટતાં એપ્રિલ-મે. મહિનામાં હોસ્પિટલમાં સંક્રમિત દર્દીને બેડ અને ઓક્સિજન મળવો મુશ્કેલ બની ગયો. મૃત્યુ આંક ઉંચકાતાં ચારે તરફ હાહાકાર અને રો..કકળના દ્રશ્યોએ સૌ કોઈને હચમચાવી નાખ્યા. તંત્ર દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્કના નિયમ ઉપર કડકાઈ દાખવવામાં આવતાં અને ખુદ પ્રજાને પણ કોરોનાની ઘાતકતા સમજાઈ જેના કારણે માંડે માંડે પણ કોરોનાનું સંક્રમણ નબળું પડ્યું. સરકારે સ્થિતિ થાળે પડતી જણાતાં અનલૉકનો અમલ કર્યો જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધંધા-રોજગારો ફરીથી ધમધમતા તો થયા પરંતુ કોરોના સંપૂર્ણપણે અંકુશમાં આવી ગયો હોય તેવું બેજવાબદાર લોકો માની બેઠા છે. બજારોમાં ખરીદી સમયે સોશ્યલ ડિસ્ટન્સ અને ફરજીયાત માસ્કના પાલનમાં પ્રજાની ઢીલ ફરીથી જોખમ નોંતરી શકે છે. અનલૉકમાં હાલ ભલે કોરોનાનું સંક્રમણ ઘટતું જણાતું હોય પરંતુ જો આજ પ્રકારે નિયમોનો ઉલાળીયો થયો તો ફરી સંક્રમણ બેકાબુ બની શકે છે. રાજ્ય સરકાર એક તરફ કોરોનાની ત્રીજી લહેરને પહોંચી વળવા માટે સજ્જ બની છે જેમાં બંન્ને જિલ્લાના આરોગ્ય તંત્રને ત્રીજી લહેરમાં જાનહાની અટકાવવા માટે તાકીદ કરી જો કોરોનાની ત્રીજી લહેર આવે તો તેને પહોંચી વળવા માટે સજ્જ રહેવાના આદેશ અપાયા છે ત્યાં હવે આરોગ્ય તંત્રની ફીકર વચ્ચે પ્રજા બેફીકર બની છે.

# પાલનપુર સંજય ચોક પે એન્ડ યુઝની પાછળથી ગાંજાના જથ્થા સાથે એક શખ્સની અટકાયત

પાલનપુર સંજય ચોક પે એન્ડ યુઝના પાછળના ભાગે એક શખ્સ નશીલો પદાર્થ ગાંજો લઈ ઉભો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસે એક શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકના પીએસઆઈ બી.જે.સુથાર પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા.તે સમયે બાતમી મળી હતી.કે સંજય ચોક પાસે આવેલ પે એન્ડ યુઝની પાછળ એક શખ્સ નસીલો પદાર્થ લઈ ઉભો છે.જેના પગલે સ્ટાફ સાથે ઓચિંતી રેડ કરી અરવિંદ ગંગારામ ને ઝડપી લીધો હતો.

# મર્ડરની આશંકા : ધનસુરાના પાટ્યો ગામની ૪ વર્ષની બાળકી ગુમ, પરોઢે કૂવામાંથી મૃતદેહ મળ્યો

### લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૪ શકમંદોને ઉઠાવ્યા, ગામમાં વાતાવરણ તંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ધનસુરા તાલુકાના પાટ્યો ગામની ૪ વર્ષની બાળકી બપોરે ગુમ થયા પછી બીજા દિવસ પરોઢે દૂર ગામના એક કૂવામાંથી મૃતદેહ મળી આવતાં સનસનાટી મચી છે. મર્ડરની આશંકા અનેક લોકોએ સેવી છે. ગુમ થયેલી બાળકીનો મૃતદેહ મળી આવતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ડૉગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદ લઈ બાળકીના મોતનું કારણ શોધવાનો પ્રયાસ શરૂ થયો. લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગામના ૪ શકમંદોને ઉઠાવી જતાં મર્ડરની આશંકા મજબૂત બની છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર ગામના પરમાર પરિવારની ૪ વર્ષની બાળકી થેલીમાં ઘઉં ભરીને વેચવા માટે ગત રોજ બપોરે ગામમાં આવેલી દુકાન તરફ ગઈ હતી પરંતુ સમી સાંજ સુધી ઘરે પરત ન આવતાં પરિવારજનો ચિંતિત બન્યા. ગામમાં તેમજ અલાણા સુધી ગુમ થયેલી બાળકીને શોધવા માટે દોટ લગાવી પરંતુ દુર સુધી ક્યાંય પત્તો ન મળ્યો. છેવટે ૪ વર્ષની બાળકી ગુમ થવા અંગે પરિવાર દ્વારા ધનસુરા પોલીસને જાણ કરતાં પોલીસ સતર્ક થઈ. ૪ વર્ષની બાળકી ગુમ થઈ અને પોલીસની નજર સમક્ષ હિંમતનગરના ઢુંઢરનો બનાવ છતો થયો. તાબડતોબ પોલીસ ગામમાં દોડી આવી, આસપાસના અનેક વિસ્તારોમાં તપાસ કરવા છતાં ગુમ થયેલી બાળકીનો પત્તો ન મળ્યો ત્યારે મોંડી રાત્રે ફરીથી પરિવારજનોએ નજીકમાં આવેલા કૂવા, નાળાં સહિતના વિસ્તારોમાં તપાસ શરૂ કરી. બાળકીના ઘરથી ૧ કી.મી. દૂર આવેલા કૂવા નજીક બાળકીના ચંપલ તેમજ ઘઉં વેચવા ગઈ હતી તે થેલી મળી આવતાં પરિવારજનો ચોંકી ઉઠ્યા. કૂવામાં તેનો મૃતદેહ હોવાનું પોલીસને જણાવવામાં આવ્યું. બાયડ સી.પી.આઈ., ધનસુરા પી.એસ.આઈ. સહિતનો સ્ટાફે કૂવામાંથી બાળકીના મૃતદેહને બહાર નિકાળી પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો છે. ત્યારે સવાલ એ થાય છે કે ૪ વર્ષની બાળકી આટલે બધે દૂર આવી કઈ રીતે..?? તેમજ તે કૂવામાં અજાણતાં પડી જાય તેવી સ્થિતિ પણ ન હતી આ સંજોગોમાં કોઈએ બાળકીને મોતને ઘાટ ઉતારી કૂવામાં ફેંક્યાની પણ આશંકા છે તેમ છતાં પોસ્ટ મોર્ટમ રિપોર્ટ ઉપર પોલીસની નજર ટેકવાઈ છે.

## બનાવનો ઘટનાક્રમ..

- પાટ્યો ગામના પરમાર પરિવારની ૪ વર્ષની દિકરી ગુરૂવારે બપોરે દાણા વેચવા માટે દુકાન તરફ રવાના થઈ.
- સમી સાંજ સુધી દિકરી પરત ન આવતાં પરિવાર ચિંતિત બન્યો તેની બહેનપણી, કૌટુંબિક સગાના ત્યાં તપાસ કરી.
- સાંજના ૭-૦૦ સુધી કોઈ પત્તો ન મળતાં અલાણા સુધી તપાસ કરી પરંતુ બાળકીની કોઈ ભાળ ન મળી.
- રાત્રે બાળકી ગુમ થવા અંગે ધનસુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી.
- ૪ વર્ષની બાળકી ગુમ થઈ છે તેની સાથે કોઈ અઘટીત ઘટના ઘટી હોય તેવી આશંકા સાથે ધનસુરા પોલીસ રાત્રે પાટ્યો ગામમાં દોડી આવી. ગુમ થયેલી બાળકીને શોધવાના કામમાં લાગી પરંતુ કોઈ પત્તો ન મળતાં પોલીસ પરત ફરી.
- પરિવારજનો આખી રાત બાળકીને શોધતા રહ્યા ત્યારે પરમાર પરિવારના ઘરથી અંદાજીત ૧ કી.મી. દૂર કૂવા પાસેથી તેનાં ચંપલ અને દાણા વેચવા નિકળી હતી તે થેલી મળતાં અમંગળ વિચારો શરૂ થયા.
- શુક્રવાર પરોઢે કૂવામાં તેનો મૃતદેહ હોવાનું જોવા મળતાં પોલીસને જાણ કરાઈ.
- બાયડ સી.પી.આઈ., ધનસુરા પી.એસ.આઈ., એલ.સી.બી.ના અધિકારીઓ ગામમાં દોડી આવ્યા.
- મૃતદેહ મળ્યા પછી બાળકીને કોઈએ કૂવામાં તો ફેંકી નથી દીધીને..?? તે થિયરીના આધારે ડૉગસ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવી પરંતુ પોલીસને કોઈ યોગ્ય કડી મળી નથી.
- તજજ્ઞોનું તારણ છે કે બાળકી આટલે દૂર સુધી આવી ન શકે કદાચ કોઈએ તેને કૂવામાં ફેંકી હોય તેનો મતલબ એ કે કોઈએ હત્યા કરી છે..!!
- એલ.સી.બી.એ સવારે ૪ જેટલા શકમંદોને ઉઠાવી ગુપ્ત સ્થળે પૂછપરછ શરૂ કરી છે જેના કારણે પંથકમાં સનસનાટી મચી ગઈ.

### પોસ્ટ મોર્ટમ રિપોર્ટની રાહ જોવાય છે : એલ.સી.બી., પી.આઈ.

પાટ્યો ગામની ૪ વર્ષની બાળકી ગુમ થયા પછી સંદિગ્ધ રીતે કૂવામાંથી બીજા દિવસ પરોઢે મૃતદેહ મળી આવતાં સનસનાટી મચી છે. હત્યા કરવામાં આવી છે કે પછી તેની સાથે કોઈએ અધમ કૃત્ય આચરી કૂવામાં ફેંકી દીધી છે..?? તેવી અનેક અટકળો વચ્ચે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ પછી જ બાળકીના મૃત્યુ અંગેનું કારણ ખ્યાલ આવશે તેમ અરવલ્લી એલ.સી.બી.પી.આઈ., સી.પી.વાઘેલાએ જણાવ્યું છે.

# બાયડની વિવેકાનંદ સોસાયટીના વિજ પ્રશ્નના ઉકેલ માટે વિજ તંત્ર સજાગ

### અરજણવાવ ફીડરમાંથી બાયડ ફીડરમાં બદલવા સર્વે શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

બાયડની વિવેકાનંદ સોસાયટીના ૪૦થી વધુ મકાનોના રહીશો અરજણવાવ ફીડર સાથે જોડાયેલા હોવાથી રોજ રાત્રે અંધારપટની સ્થિતિ હોય છે. આ સંજોગોમાં વિજ તંત્ર સમક્ષ બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલની યોગ્ય રજૂઆત પછી વિજ તંત્ર ઉકેલ માટે સજ્જ બન્યું છે. બાયડ જી.ઈ.બી.ના કાર્યપાલક ઈજનેર પી.એમ. તબિયાડ સહિત અધિકારીઓએ સ્થળ ઉપરની મુલાકાત લઈ બાયડ ફીડરમાં તબદીલ કરવા સર્વે શરૂ કર્યો છે.



આખા બાયડમાં વીજળી હોય અને કેટલાક સોસાયટી વિસ્તારોમાં પાવર લોડના કારણે કેટલાક રહેણાંક મકાનોને બાયડ ટાઉનના બદલે અરજણવાવ ફીડરમાં તબદીલ કરવામાં આવ્યા હતા. અરજણવાવ ફીડર સાથે અનેક ગામડાં જોડાયેલાં છે જેથી કોઈ ગામડામાં વિજ ફોલ્ડ ઉભો થાય એટલે બાયડના સોસાયટી વિસ્તારોમાં અંધારપટ છવાઈ જાય જેના કારણે નાના બાળકો અને વૃદ્ધો ઉનાળા દરમ્યાન ત્રાસદાયક સ્થિતિ અનુભવતા. છેલ્લા ૬ વર્ષથી કઠીનાઈનો સામનો કરતા રહીશો દ્વારા આ વિસ્તારના પાલિકા સભ્ય અને કારોબારી અધ્યક્ષનું ધ્યાન દોરતાં પળનોય વિલંબ કર્યા વગર વિજ વિભાગના અધિકારીઓને વિવેકાનંદ સોસાયટીના રહીશોને રાત્રે અંધારપટમાંથી મુક્તિ અપાવવા રજૂઆત કરી હતી જે સંદર્ભે શુક્રવારે વિજ વિભાગના અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈ પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવા હૈયાધારણા આપી હતી. સોસાયટીના રહીશ જાગૃતભાઈ ત્રિપાઠી, દિનેશભાઈ પટેલ, અશોકભાઈ જોષી, હાર્દિક ઉપાધ્યાય વગેરેએ પણ છેલ્લા કેટલાક વર્ષોથી અમારા વિસ્તારને અરજણવાવ ફીડરમાં તબદીલ કર્યો હોવાથી વારંવાર વીજળી ડૂલ થાય છે જેથી બાયડ ફીડરમાં સમાવેશ કરવા ઉપસ્થિત અધિકારીઓને રજૂઆત કરી હતી.

# બાયડ તાલુકા પંચાયતના પૂર્વ કર્મચારીની વર્તણૂંક અંગે જી.એલ.પી.સી.એ રિપોર્ટ માંગ્યો

### જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સુધી રેલો પહોંચે તેવી સંભાવના

બાયડ તાલુકા પંચાયતના પૂર્વ કર્મચારી સામે જાતિય સતામણીની ફરિયાદ પછી તપાસનું ફીડલું વાળી દેવામાં આવ્યું પરંતુ ઉચ્ચ કક્ષાએ થયેલી રજૂઆત પછી ગાંધીનગર જી.એલ.પી.સી. દ્વારા રિપોર્ટ માંગવામાં આવતાં કર્મચારી વર્તુળમાં સન્નાટો વ્યાપ્યો છે. આવનારા દિવસોમાં અનેક મહિલા કર્મચારીઓ પોતાના સાથે થયેલી ખરાબ હરકતો બાબતે મેદાનમાં આવે તેવી સંભાવના છે. અગાઉના વર્ષોમાં એક અધિકારીએ મહિલા કર્મચારીને રાત્રે વોટ્સએપ મેસેજ કરતાં આ મામલો ગરમાયો હતો પરંતુ પછી દબાવી દેવામાં આવ્યો હતો. જ્યારે મિશન મંગલમ્ યોજના હેઠળ ભ્રષ્ટ બાબુઓની નિગરાની હેઠળ તાલુકા મથક સુધી અનહદ ભ્રષ્ટાચારના આક્ષેપ પછી પણ મામલા દબાવી દેવામાં આવી રહ્યા છે. જિલ્લા વિકાસ અધિકારીને પણ ગંભીર ફરિયાદોમાં તપાસમાં રસ ન હોય તે રીતે અનેક ગંભીર ફરિયાદો નજર અંદાજ કરી રહ્યા છે. બાયડ તાલુકા પંચાયતના પૂર્વ કર્મચારી સામે કેટલીક મહિલાઓએ ગંભીર ફરિયાદ કરી હતી અને તપાસ સમિતિનું નાટક રચી મામલો રફે દફે થઈ ગયો પરંતુ સમસમી ઉઠેલી જે મહિલા કર્મચારીએ આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત પછી ગાંધીનગર જી.એલ.પી.સી.એ જાતિય સતામણી અંગે બાયડ તાલુકા પંચાયતના અધિકારી પાસે રિપોર્ટ માંગતાં સનસનાટી મચી ગઈ છે.



### લીલછાનો રાજસ્થાની યુવાન ગુમ, મઉં ડેમમાંથી બીજા દિવસે મૃતદેહ મળ્યો

ભિલોડા તાલુકાના લીલછા ગામમાં કરીયાણાના દુકાનદાર ભવાનસિંહ દલપતસિંહ રાજપૂરોહીત(ઉ.૨૩ વર્ષ) ગત રોજ ગુમ થઈ ગયા પછી ભિલોડા પોલીસ સ્ટેશને ગુમ થવા અંગેની જાણ કરવામાં આવી હતી. દરમ્યાન બીજા દિવસે ગુમસુદા યુવાનનો મૃતદેહ મઉં ડેમમાંથી મળી આવતાં ચકચાર મચી છે. ડેમ ઉપર મૃતકનો મોબાઈલ તેમજ ચપ્પલ મળી આવતાં ભિલોડા પોલીસ ઘટના સ્થળે દોડી હતી. ડેમના પાણીમાં શોધખોળ પછી મૃતદેહ જે સ્થળેથી મળી આવ્યો તે હદ ગાંભોઈ પોલીસની હોવાથી તપાસ ગાંભોઈ પોલીસના હવાલે થઈ છે. પોલીસ સ્ટેશનોની હદ નક્કી કરવામાં ક્યારેક ગંભીર બનાવમાં પણ તપાસમાં વિલંબ થતો હોય છે. જમીની સ્તર ઉપરનો વિવાદ હોય તો ઉકેલી શકાય પરંતુ પાણીમાં હદ નક્કી કરવાની આવે ત્યારે ચતુર ગણાતી પોલીસ પણ ઉંધા માથે થતી હોય છે. તા.૧૭ના રોજ ભિલોડાના લીલછા ગામનો દુકાનદાર ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં સરી પડ્યો. ડેમ સાઈટ ઉપરથી તેનો મોબાઈલ અને ચપ્પલ મળી આવતાં પરિવારે ધ્રાસ્કો અનુભવી પોલીસને જાણ કરતાં ભિલોડા પોલીસે જીતુભાઈ દલપતસિંહ રાજપૂરોહીતની ખબરના આધારે તપાસ શરૂ કરી હતી જેમાં સ્થાનિક તરવૈયાઓની મદદથી મઉં ડેમમાં તલાશી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું જ્યાં કલાકોની જહેમત પછી બીજા દિવસે ગુમ થનાર દુકાનદારનો મૃતદેહ મળી આવતાં પરિવાર સદમામાં સરી પડ્યો છે.

# અરવલ્લી નાયક સમાજનું ગૌરવ



મોડાસા તાલુકાના સરડોઈના દિનેશ રણછોડભાઈ નાયકે શબ્દ વાવેતર એક પરિવાર આયોજીત વાવણી શબ્દ પરની ગદ્ય વિભાગની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને તેમાં તમામ સ્પર્ધકોમાં પ્રથમ સ્થાને આવી સન્માનપત્ર મેળવી અરવલ્લી નાયક સમાજનું ગૌરવ વધારતાં અનેક સમાજના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.